# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-07-2024 સવાર : 7.45 થી 7.55

વાર : સોમવાર

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

*************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રશિયા અને ઑસ્ટ્રિયાના ત્રણ દિવસીય પ્રવાસે રવાના થશે
- NEET-UG કથિત પેપર ગેરરીતિ મામલે સર્વોચ્ચ અદાલતમાં આજે સુનાવણી થશે
- દેશના કેટલાંક ભાગોમાં પૂરની સ્થિતિ -  ઉત્તર, પશ્ચિમ અને પૂર્વોત્તરમાં ભારે વરસાદની અગાહી
- ઓડિશાના પુરીમાં જગન્નાથજી રથયાત્રાનો આજે બીજો દિવસ, ગઈકાલે રથ ખેંચતા મચેલી નાસભાગમાં એકનું મૃત્યું
- અને ભારત-ઝીમ્બાબ્વે વચ્ચેની ટી 20 શ્રેણીમાં ભારતે ઝિમ્બાબ્વેને 100 રનથી હરાવ્યું -

- *************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM RUSSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રશિયા અને ઑસ્ટ્રિયાના ત્રણ દિવસીય પ્રવાસે રવાના થશે. રશિયાના મૉસ્કોમાં તેઓ 22માં ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ઉપસ્થિત રહેશે. આ સંમેલનમાં પ્રધાનમંત્રી મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે- સંરક્ષણ, વેપાર, રોકાણ, ઊર્જા, સહકાર, શિક્ષણ તેમજ સંસ્કૃતિ સહિતના મુદ્દાઓ વિશે ચર્ચા થશે. બંને નેતાઓ પરસ્પર હિત, પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિતિ વિશે પણ ચર્ચા કરશે. આ ઉપરાંત બ્રિક્સ, શાંઘાઈ સહકાર સંગઠન, જી-20, પૂર્વ એશિયા શિખર સંમેલન તેમજ સંયુક્ત રાષ્ટ્ર જેવા મંચો પર દ્વીપક્ષીય સંબંધોની વર્તમાન સ્થિતિની સમિક્ષા કરશે.

રશિયાના રાષ્ટ્રપતિ આજે પ્રધાનમંત્રી મોદીના સમ્માનમાં આયોજીત ભોજનની યજમાની કરશે. આવતીકાલે શ્રી મોદી રશિયામાં ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરશે. તેઓ ક્રેમલિનમાં સૈનિક સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરશે, તેમજ મૉસ્કોમાં રોસ્ટોમ પેવેલિયનની મુલાકાત લેશે. બંને નેતાઓ વચ્ચે પરસ્પર વાતચીત બાદ પ્રતિનિધિ મંડળની બેઠક થશે. નવ અને દસ જુલાઈના રોજ પ્રધાનમંત્રી મોદી ઑસ્ટ્રિયાનો પ્રવાસ કરશે. પ્રધાનમંત્રીની આ પ્રથમ ઑસ્ટ્રિયા મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે માળખાકીય સુવિધાઓ, પુન:પ્રાપ્ય ઊર્જા, ટેક્નૉલોજી, સ્ટાર્ટઅપ, મીડિયા અને મનોરંજન સહિતના ક્ષેત્રોમાં દ્વીપક્ષીય સહકાર માટેની તકો છે.

# JHARKHAND---TRUST-VOTE.RTF

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન આજે વિધાનસભામાં વિશ્વાસનો  મત રજૂ કરશે. આ માટે આજે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે. ઝારખંડ મુક્તિ મોરચા અને તેના સાથી પક્ષોએ તેમના ધારાસભ્યોને વિશ્વાસ મત દરમિયાન ગૃહમાં હાજર રહેવાની સૂચના આપી છે.

ઉલ્લેખનીય છે કે  81 ધારાસભ્યોની ઝારખંડ વિધાનસભામાં પાંચ બેઠકો ખાલી છે. જેથી હવે વિશ્વાસનો મત જીતવા માટે 39 ધારાસભ્યોનું સમર્થન જરૂરી છે. ગઠબંધનને 46 ધારાસભ્યોનું સમર્થન છે જેમાં જેએમએમના 27, કોંગ્રેસના 17 અને આરજેડી અને સીપીઆઈ (એમએલ)ના એક-એક ધારાસભ્યનો સમાવેશ થાય છે. બીજી તરફ, 27 ધારાસભ્યો વિપક્ષમાં છે.

વિધાનસભામાં વિશ્વાસનો મત જીત્યા બાદ મંત્રીઓની શપથવિધિ યોજાય તેવી શક્યતા છે. .

# RAHUL MANIPUR

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે મણિપુરના એક દિવસીય પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન તેઓ હિંસા અસરગ્રસ્ત વિસ્તારોમાં શિબિરોમાં રહેતા પરિવારો સાથે મુલાકાત કરશે. શ્રી ગાંધી મણિપુરના રાજ્યપાલ અનસુઈયા ઉઇકે સાથે પણ મુલાકાત કરી શકે છે. તેમની મુલાકાતને પગલે મણિપુરમાં ચાંપતો બંદોબસ્ત કરાયો છે.

# SC-NEETNEET-UG

NEET-UG પેપરમાં કથિત ગેરરીતિ મામલેની વિવિધ અરજીઓ પર આજે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી થશે. આ અરજીઓમાં નવેસરથી પરીક્ષાની માંગણી કરતી અરજીઓનો પણ સમાવેશ કરાયો છે. સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી યાદી અનુસાર, મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ જે.બી. જસ્ટિસ પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ સમક્ષ 26 અરજીઓ સુનાવણી માટે મૂકવામાં આવી છે. વિદ્યાર્થીઓએ NEETમાં કથિત ગેરરીતિઓની અલગ અને સ્વતંત્ર તપાસની માંગ કરી છે.

NEETના વધી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રએ સર્વોચ્ચ અદાલતમાં એફિડેવિટ દાખલ કરી છે. કેન્દ્રએ કહ્યું છે કે પરીક્ષામાં મોટા પાયે ગેરરીતિઓના પુરાવાની ગેરહાજરીમાં NEET-UG 2024 ફરીથી કરાવવાની જરૂર નથી. કેન્દ્રએ એવી પણ દલીલ કરી છે કે, નવી પરીક્ષા લાખો સાચા ઉમેદવારોના જીવન પર પ્રતિકૂળ અસર કરશે.રાષ્ટ્રીય તપાસ સંસ્થા-એનટીએ દેશભરની સરકારી અને ખાનગી સંસ્થાઓમાં MBBS, BDS, આયુષ અને અન્ય સંબંધિત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નેશનલ એલિજિબિલિટી- કમ-એન્ટ્રન્સ ટેસ્ટ-અંડર ગ્રેજ્યુએટનું આયોજન કરે છે.

# NTA---CUET-UG.RTF

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી  NTAએ સ્નાતક સ્તરની યુનિવર્સિટિ સામાન્ય પ્રવેશ પરીક્ષા CUET-UG માટે આન્સર કી બહાર પાડી છે. વિદ્યાર્થીઓ  આન્સર કીને લગતા વાંધા આવતીકાલ સુધીમાં ઓનલાઇન રજૂ કરી શકશે.

એક સપ્તાહમાં પરિણામ જાહેર થવાની શક્યતા છે.. પ્રથમ વખત,CUET-UG પરીક્ષા હાઇબ્રિડ મોડમાં લેવાઈ હતી. આ વર્ષે 261 કેન્દ્રીય, રાજ્ય, ડીમ્ડ અને ખાનગી યુનિવર્સિટીઓમાં સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સામાન્ય પ્રવેશ પરીક્ષામાટે 13.4 લાખથી વધુ ઉમેદવારોએ નોંધણી કરાવી.

# MID BREAK- NEWS- NATIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલોૅ કરી શકો છો...

# UP-FLOOD

ઉત્તર પ્રદેશમાં ગઈકાલે પડેલા ભારે વરસાદ બાદ અનેક જિલ્લાઓ જળમગ્ન બન્યા છે. છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યમાં પૂરને પગલે 12 લોકોના મૃત્યુ થયા છે. રાજ્યના અનેક ભાગોમાં ડેમોમાંથી પાણી છોડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પૂર અસરગ્રસ્તોને તાત્કાલિક મદદ તેમજ રાહત આપવા આદેશ કર્યો છે.

ઉત્તર પ્રદેશ આકાશવાણીના અમારા સંવાદદાતા જણાવે છે કે ભારે વરસાદને પગલે શારદા, રાપ્તી, ગંડક અને ઘાઘરા નદી ભયજનક સપાટીએ વહી રહી છે. નેપાળમાં ભારે વરસાદને પગલે લખીમપુરીમાં શારદા નદીમાં મોટાપાયે પાણીની આવક થઈ છે, જેથી કાંઠા વિસ્તારોમાં અનેક ગામોના લોકોએ સ્થળાંતર કરવાની ફરજ પડી છે.

રાજ્ય આફત નિવારણની ટુકડીઓ બચાવ કામગીરીમાં લાગી છે. શ્રવસ્તી અને કુશીનગર જિલ્લામાં 74 લોકોને બચાવાયા છે. દરમિયાન હવામાન વિભાગે 24 કલાકમાં રાજ્યના પૂર્વીય ભાગમાં ભારે વરસાદની આગાહી કરી છે.

# ASSAM-FLOOD

આસામમાં છેલ્લા ચોવીસ કલાકમાં પૂરને પગલે વધુ આઠ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક વધીને 66 થયો છે. પૂરને પગલે 28 જિલ્લાઓમાં 22 લાખ લોકોને અસર થઈ છે. અંદાજે 3 હજાર 400 જેટલા ગામોમાં 68 હજાર એકરમાં રહેલો પાક ધોવાઈ ગયો છે. NDRF અને SDRFની ટીમોએ ગત ચોવીસ કલાકમાં વધુ 218 લોકોને બચાવ્યા છે. રાજ્યમાં બ્રહ્મપુત્રા, બારાક સહિતની નદીઓ ભયજનક સપાટીએ વહી રહી છે. 172 જેટલા માર્ગ અને છ ઇમારતોને પૂરને કારણે નુકાસન થયું છે. જ્યારે કે 15 લાખ પશુઓઓને અસર પહોંચી છે.

# IMD MONSOON

હવામાન વિભાગે દેશના ઉત્તર પૂર્વીય, પૂર્વોત્તર અને પશ્ચિમી કાંઠા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર પ્રદેશમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત બિહાર અને ઓડિશાના અંતરિયાળ ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા છે.

આ તરફ મેઘાલયમાં આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. ઉપરાંત કોંકણ, ગોવા, મહારાષ્ટ્ર, કેરળ, લક્ષદીપ તેમજ કર્ણાટકના કાંઠા વિસ્તારોમા છ દિવસ સુધી હળવાથી મધ્ય વરસાદની શક્યતા છે.

# ODISHA-RATHYATRA

વિશ્વ પ્રસિદ્ધ પુરી જગન્નાથ યાત્રાનો આજે બીજો દિવસ છે. ગઈકાલે સંધ્યા બાદ પરંપરા અનુસાર ભગવાન જગન્નાથ, ભગવાન બાલભદ્ર અને દેવી સુભદ્રા તેમજ ભગવાન સુદર્શનના રથને ગ્રાન્ડ ટ્રન્ક રોડ પર અટકાવી દેવાયા હતા. ખલાસીઓ આજે આ રથોને ખેંચીને તેમને ગુંડિચા મંદિર લઈ જશે.

દરમિયાન ગઈકાલે રથયાત્રામાં મચેલી નાસભાગમાં ગૂંગળાઈ જવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે કે કેટલાક લોકો ઘવાયા હતા. ઓડિશાના મુખ્યમંત્રી ચરણ માઝીએ મૃતકો માટે 4 લાખની સહાય જ્યારે કે ઇજાગ્રસ્તોને મફત સારવારની જાહેરાત કરી છે.

# AMARNATH YATRA

પવિત્ર અમરનાથ ગુફાના દર્શન માટે જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી પાંચ હજાર આઠસો ત્રણ શ્રદ્ધાળુઓનો બીજો જથ્થો આજે કાશ્મીર ખીણ માટે રવાના થયો હતો. શ્રદ્ધાળુઓ આજે સવારે 218 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી નીકળ્યા હતા.

આ ટૂકડીમાં ચાર હજાર પાંચસો 21 પુરૂષો, એક હજાર એકસો 39 મહિલાઓ, 9 બાળકો, એકસો 24 સાધુ અને 10 મહિલા સાધુઓનો સમાવેશ થાય છે. આમાંથી એક હજાર 862 શ્રદ્ધાળુઓ સવારે 3 વાગે બાલટાલ માટે જ્યારે ત્રણ હજાર 941 સવારે ચાર વાગે પહલગામ શિબિર માટે રવાના થયા હતાં, જ્યાંથી પવિત્ર ગુફા માટે આગળ વધશે.

# NIA-ARREST.RTF

રાષ્ટ્રીય તપાસ એજન્સી NIAએ ગઈકાલે જમ્મુ અને કાશ્મીરના માદક પદાર્થો અને આતંકવાદીઓ સાથેના જોડાણ સંબધિત કેસમાં મુખ્ય ફરાર આરોપીની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી સલીમ અંદ્રાબી જૂન 2020થી ફરાર હતો. NIAએ જણાવ્યું છે કે આ ધરપકડ સહ્હદ પારના આતંકવાદી સંગઠનો દ્વારા ભારતમાં બનાવેલ સુનિયોજિત તંત્રને તોડી પાડવાના પ્રયાસોમાં એક મોટી સફળતા છે.

તપાસ દરમિયાન, NIAને જાણવા મળ્યું છે કે સલીમ અંદ્રાબી જમ્મુ અને કાશ્મીર તથા ભારતના અન્ય ભાગોમાં માદક પદાર્થોની ખરીદી -વેચાણ અને ભંડોળ એકત્ર કરવાના ષડયંત્રનો ભાગ હતો. આનાથી એકત્ર કરાયેલાનાણાં આતંકવાદને પ્રોત્સાહન આપવાના હેતુથી જમ્મુ અને કાશ્મીર મોકલવામાં આવ્યા હતા.

# INDIA-VS-ZIMBABWE--2ND-T20.RTF

ભારત – ઝીમ્બાબ્વે વચ્ચે ચાલી રહેલી પાંચ ટી-20 શ્રેણીની બીજી ક્રિકેટ મેચમાં ગઈકાલે ભારતે યજમાન ઝિમ્બાબ્વેને 100 રનથી હરાવ્યું હતુ. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને 234 રન બનાવ્યા હતા. અભિષેક શર્માએ માત્ર 47 બોલમાં ઝડપી સદી ફટકારી હતી. જ્યારે ઋતુરાજ ગાયકવાડે 77 અને રિન્કુ સિંહ 48 રન બનાવ્યા હતા.

જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 18.4 ઓવરમાં 134 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી મુકેશ કુમાર અને અવેશ ખાને 3-3 વિકેટ લીધી હતી. આ જીત સાથે ભારતે પાંચ મેચોની શ્રેણીમાં 1-1થી બરાબરી કરી લીધી છે.